સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ ખાતે યુ.પી.એસ.સી. સીવીલ સર્વિસીઝ પ્રવેશ પરીક્ષા તેમજ સેન્ટ્રલ ગવર્નમેન્ટ રીક્રુટમેન્ટ સ્ટડી સેન્ટર ખાતે પરીક્ષા આપવા માગતા પરીક્ષાર્થી પાસેથી પ્રવેશ ફી (નોન રીફંડેબલ) વસુલવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક: વતભ-૧૫-૨૦૧૪-૨૧૧-વસુતાપ્ર-૩
સચિવાલય, ગાંધીનગર
તા.૨૭-૦૬-૨૦૧૯

**વંચાણે લીધા:**

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૯-૦૯-૨૦૦૯ ના ઠરાવ ક્રમાંક: વતભ-૧૫-૨૦૦૮-૧૪૮૫૯૨- વસુતાપ્ર-૩

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૭-૧૦-૨૦૧૩ ના ઠરાવ ક્રમાંક: બજટ-૧૩-૨૦૧૩-૫૫૫-વસુતાપ્ર-૩

(૩) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૬-૦૪-૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: વતભ-૧૫-૨૦૧૪-૨૧૧-વસુતાપ્ર-૩

(૪) સામાન્ય વહીવટ વિભાગનો તારીખ: ૨૨ -૦૨ -૧૯૯૪ નો ઠરાવ ક્રમાંક:વસપ-૧૦૯૩-ગ-૨

(૫) સામાન્ય વહીવટ વિભાગનું તારીખ: ૨૨ -૦૧-૨૦૧૮નું જાહેરનામું ક્રમાંક: GS/2018/(2) RES/ 1085/3433/G2

(૬) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તારીખ :૨૩-૦૧-૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક-ઈડબલ્યુએસ /૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ

(૭) સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદનો તા.૦૧-૦૬-૨૦૧૯ નો પત્ર ક્રમાંક: સ્પીપા-તાલીમ-૨૦૧૮-૧૯/પ્રવેશ પરીક્ષા ફી/૧૫/સ્ટડી

<u>આમુખ :-</u>

સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ (૩) હેઠળના ઠરાવથી સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, ખાતે યુ.પી.એસ.સી. સીવીલ સર્વિસીઝ પરીક્ષા માટેના તાલીમ વર્ગ માટે લેવાતી પ્રવેશ પરીક્ષા આપવા માંગતા તેમજ કેન્દ્ર સરકારની કચેરીઓ અને જાહેર સાહસોની ભરતી પરીક્ષા માટેની તાલીમ લેવા, સેન્ટ્રલ ગવર્નમેન્ટ રીક્રુટમેન્ટ સ્ટડી સેન્ટર ખાતે પરીક્ષા આપવા માંગતા, બિન-અનામત વર્ગ/કક્ષાના (જનરલ કેટેગરી) ના ઉમેદવાર પાસેથી રૂ.૩૦૦/- અને અનુસુચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સા.શૈ.પ.વર્ગના ઉમેદવાર પાસેથી રૂ.૧૦૦/- ની પ્રવેશ પરીક્ષા ફી લેવાનું ઠરાવવામાં આવેલ છે. સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ(૪) હેઠળના ઠરાવથી દિવ્યાંગ ઉમેદવારો માટે ફી માં રાહત તથા સંદર્ભ (૫) હેઠળના ઠરાવથી આર્થિક રીતે નબળા વર્ગોના નાગરિકો માટે ૧૦% અનામતની જોગવાઈ કરવા બાબતેની સુચનાઓ આપવામાં આવેલ છે. સંદર્ભ (૭) ના સરદાર પટેલ લોકપ્રશાસન

સંસ્થા, અમદાવાદના પત્રથી, આ વિભાગના તારીખ તા.૦૬-૦૪-૨૦૧૫ ના સરખા ક્રમાંકના ઠરાવમાં "અનુસુચિત જાતિ,અનુસુચિત જનજાતિ અને સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારને" બદલે "રાજ્ય સરકારની પ્રવર્તમાન અનામત કેટેગરીમાં સમાવિષ્ટ થતાં તમામ ઉમેદવારો માટે,સમાનતાના ધોરણે" નો ઉપયોગ કરી ઠરાવમાં આંશિક સુધારો કરવા દરખાસ્ત કરેલ હતી. જે સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી

<u>ઠરાવ :-</u>

પુખ્ત પૂર્વકની વિચારણાના અંતે,આ વિભાગના તા. તા.૦૬-૦૪-૨૦૧૫ ના ઠરાવના ફકરા ક્રમાંક -૪ માં હાલની જોગવાઈના બદલે(In replace of) નીચે દર્શાવેલ જોગવાઈ દાખલ કરવામાં આવે છે.

"સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા,અમદાવાદ ખાતે યુપીએસસી સિવિલ સર્વિસીઝ પરીક્ષા માટેના તાલીમ વર્ગ તેમજ કેન્દ્ર સરકારની કચેરીઓ અને જાહેર સાહસોની ભરતી પરીક્ષા માટે તાલીમ લેવા, સેન્ટ્રલ ગવમેન્ટ રીક્રુટમેન્ટ સ્ટડી સેન્ટર ખાતે તાલીમ વર્ગ માં પ્રવેશ માટેની, પરેક્ષા આપવા માંગતા <u>બિન અનામત કક્ષાના ઉમેદવારોને રૂા.૩૦૦/- અને અનુ. જાતિ, અનુ. જનજાતિ,</u> સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો <u>,આર્થિક રીતે નબળા વર્ગો , દિવ્યાંગ ઉમેદવારો( The right of Persons with disabilities Act-2016 ની જોગવાઈ મુજબના ) અને માજી સૈનિકો માટે રૂા.૧૦૦/- પ્રવેશ પરીક્ષા ફી નિયત કરવામાં આવે છે. આ ફી નોન રીફંડેબલ રહેશે".</u>

**આ વિભાગના તારીખ તા.૦૬-૦૪-૨૦૧૫ ના સરખા ક્રમાંકના ઠરાવના ફકરા -૪ના સુધારા સિવાયની બાકીની જોગવાઈઓ યથાવત રહે છે.**

આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૭-૦૬-૨૦૧૯ ની નોંધથી અને સરકારશ્રીની તારીખ ૧૯-૦૬-૨૦૧૯ ની નોંધથી મળેલ અનુમતી અન્વયે આ હુકમો બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.એ.દવે)
ઉપસચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ.

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રી, રાજ્યકક્ષાના માન. મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર
- મહાનિર્દેશકશ્રી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, ઇસરો સામે, સેટેલાઇટ, અમદાવાદ.
- સંયુક્ત નિયામકશ્રી, (સ્ટડી), સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, ઇસરો સામે, સેટેલાઇટ, અમદાવાદ.
- સંયુક્ત નિયામકશ્રી/ નાયબ નિયામકશ્રી, પ્રાદેશિક તાલીમ કેંદ્ર, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા - અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર, મહેસાણા (સ્પીપા મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/ ગાંધીનગર
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી અમદાવાદ/ ગાંધીનગર

સિલેક્ટ ફાઇલ

- પત્ર દ્વારા